# સલાલ માર્કેટયાર્ડમાં મગફળીની ખરીદી ના થતા ખેડૂતોમાં આક્રોશ

## સરકાર દ્વારા ૬૫નો ઉતારો માંગે છે ૭૦-૭૨નો ઉતારો હોવા છતાં અધિકારી દ્વારા ખરીદી કરવામાં આવતી નથી

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સલાલ માર્કેટયાર્ડ ખાતે



સરકાર દ્વારા નક્કી કરેલ ૬૫નો ઉતારાના ભાવે પણ મગફળીની ખરીદી કરવાનું જાહેર કર્યુ છે. ત્યારે સલાલ માર્કેટયાર્ડમાં ધરતી પુત્રો ૭૦ થી ૭૨નો ઉતારો વાળી મગફળી લઈને આવતાં છતાં ગોડાઉન અધિકારી દ્વારા ખરીદી ના કરવામાં આવતાં ખેડૂતોમાં રોષ જોવા મલ્યો છે.

પ્રાંતિજના સલાલ માર્કેટયાર્ડ ખાતે પ્રાંતિજ સહિત તાલુકાના ધરતીપુત્રો દ્વારા મગફળીનું વેચાણ કરવા આખી રાત ઠંડીમાં બેસી રહીને માર્કેટયાર્ડમા નંબર લાગે છે અને સરકાર દ્વારા ૬૫નો ઉતારો હોય તેવી મગફળી ખરીદી કરવાની હોવા છતાં સલાલ માર્કેટયાર્ડ ખાતે આવેલ ખેડૂતોનો મગફળીનો ઉતારો ૭૦-૭૨નો હોવા છતાં હાજર ગોડાઉન અધિકારી સહલ વલજીવાળા દ્વારા સારો માલ અને છેક કાંટા ઉપર આવેલ માલ રીજેકટ કરવામાં આવતાં ધરતી પુત્રોની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. બીજીબાજુ અધિકારી અને ખેડૂતો વચ્ચે મગફળીની ખરીદી ના થતાં તુ..તુ..મે..મે પણ થઈ જાય છે. તો સરકાર દ્વારા



ખેડૂતોને મગફળીનો ૬૫નો ઉતારો સુધીની ખરીદી કરવાની છુટ છતાં ઉપસ્થિત અધિકારી દ્વારા ૭૦-૭૨નો ઉતારાવાળી મગફળી પણ ખરીદી કરવામાં ના આવતા જાણે સરકાર ધરતીપુત્રો સાથે મજાક કરતી હોય તેવું હાલ તો લાગી રહ્યું છે અને ખેડૂતોને દુર દુરથી લાંબા થઈને રાત્રીના ઠંડીમાં બેસી રહેવું પડે છે અને ટ્રેકટર ડીઝલ ભાડું પણ માથે પડે છે. ત્યારે હાલ તો સલાલ માર્કેટયાર્ડમાં ૭૦-૭૨નો ઉતારાવાળી મગફળી હોવા છતાં ખરીદી ના થતાં ખેડૂતોનો ગુસ્સો સાતમા આસમાને પહોચ્યો છે. ત્યારે ખેડૂતો દ્વારા ઉપલી કક્ષાએ તથા રાજકીયક્ષેત્રે પણ રજુઆત કરી છે તો સરકાર દ્વારા નિતિનિયમો પ્રમાણે મગફળી ખરીદી નહી કરવામાં આવે તો ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલનની ચિંમકી આપી છે.

### બાયડ સરકારી વિનયન કોલેજ ખાતે થેલેસિમિયા પરીક્ષણ કાર્યક્રમ યોજાયો

ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખાના ઉપક્રમે તા. ૪-૧૨-૨૦૧૮ના રોજ થેલેસિમિયા પરીક્ષણ કાર્યક્રમ સરકારી વિનયન કોલેજ બાયડ મુકામે યોજાયો હતો. જેમાં ૧૭૯ વિધાર્થીભાઈ બહેનોએ થેલેસિમિયા પરીક્ષણ કરાવ્યુ હતું. આ કાર્યક્રમમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખાના પ્રતિનિધિઓએ વિધાર્થીઓમાં થેલેસેમિયા પરીક્ષણ અંગે જાગૃતી કેળવાય, થેલેસિમિયાના ભયસ્થાનો, તેની અસરો થેલેસિમિયા પરીક્ષણ પોઝીટીવ આવે તો કઈ સાવચેતી રાખવી જોઈએ તે વિષે પ્રકાશ પાડ્યો હતો.



### તલોદમાં એનએસયુઆઈના વિદ્યાર્થીઓએ વિરોધ દર્શાવ્યો

તાજેતરમાં લોકરક્ષકની પરીક્ષાનું પેપર પરીક્ષાના સમય પહેલા જ ફુટી જતા તેના વિરોધમાં સાબરકાંઠા જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ નિશાંતસિંહ સોલંકીના નેતૃત્વમાં અને આઈ.ટી. સેલ પ્રમુખ આશિષ ઠાકોરની દોરવણી હેઠળ વિદ્યાર્થીઓએ લોકરક્ષકની પરીક્ષા આપવા ગયેલા ઉમેદવારોના સમર્થનમાં સરકાર વિરોધ સુત્રોચ્ચાર કરી ઉચિત ન્યાયની માંગ દોહરાવી હતી.

# મોડાસાના ટીંટોઈ નજીકના જંગલોમાંથી સાગના વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન કાઢી લાખ્ખો રૂપિયાનો વેપલો

મોડાસા, તા. ૬

મોડાસા તાલુકાની ટીંટોઇ રેન્જમાં જંગલ વિસ્તારમાંથી બારોબાર કિંમતી સાગના વૃક્ષો કાપી વગે કરવાની ગેરકાયદેસર કાર્યવાહી ચાલતી હોવાની બુમ ઉઠી છે. જંગલની જમીનમાંથી કિંમતી સાગી વૃક્ષો બારોબાર વગે કરવાની પ્રવૃત્તિએ માઝા મૂકી છે તેવુ જાણકારો જણાવી રહ્યા છે. ખાસ કરીને ટીંટોઇ રેન્જના ટીંટોઇ પંચાયતમાં આવેલ જંગલ ખાતાની જગ્યાના આસપાસના વિસ્તારોમાંથી મોટા પાયે સાગી વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યુ છે. તંત્રના જવાબદાર અધિકારીઓને મીઠી નજર હેઠળ કોઇ ગેંગ સક્રિય થઇ પ્રતિબંધિત સાગી વૃક્ષોનું નિકંદન કાઢી રહી છે. આ સિલસિલો બે રોકટોકપણે ચાલી રહ્યો છે. ફોરેસ્ટ ઝોનમાંથી અને બિન ફોરેસ્ટ ઝોનમાં કિંમતી વૃક્ષો કાપી પહોંચાડવામાં કેટલાક જવાબદાર અધિકારીઓની મિલીભગતના પગલે માફિયાઓ બેફામ બન્યા હોવાની ચર્ચા ટીંટોઈ પંથકમાં ટોક ઓફ ધી ટાઉન બની છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, કુશ્કી અને કુણોલના ત્રીભેટે આવેલ જંગલમાં વૈરયમાતાના મંદિર



અને નાની માતાનું પૌરાણીક મંદિર આવેલુ છે તેની આસપાસના વિસ્તારમાં સાગના લાકડા મૂળમાં ખોદકામ કરી કાઢી ખાડા પુરી દેવામાં આવ્યા છે જેના કારણે કોઈ પુરાવા ન રહે પરંતુ કેટલાક લાકડાના થર રહી જતાં સમગ્ર વાત બહાર આવી છે.

જંગલમાંમાંથી પ્રતિબંધીત લાખોની કિંમતનું લાકડુ કપાય જાય અને ફોરેસ્ટ અધિકારી અજાણ હોય તે માનવામાં આવતુ નથી.

વૃક્ષો વાવો, હરિયાળી લાવો તેવા સૂત્રો પોકારાય છે પણ તેનો અમલ થતો નથી પરંતુ ભ્રષ્ટ અધિકારીઓ જંગલમાં વૃક્ષો કાપીને વન વિસ્તારને ઘટાડવામાં ભૂમિકા ભજવી રહ્યાં છે.

કેટલીક વખત આવી લાકડા ચોરીઓને છુપાવા માટે જંગલમાં આગનું બહાનાનો સહારો લેવામાં આવે છે તેવું પર્યાવરણ પ્રેમીઓમાં ચર્ચાઈ રહ્યું છે. વનવિભાગ મૌન ધારણ કરીને બેસી રહ્યું છે ત્યારે તાલુકામાં ચાલી રહેલા વૃક્ષોના નિકંદન મામલે જિલ્લા કલેકટરે પગલા ભરવા જોઈએ તેવી માંગણી ઊઠવા પામી છે.

### મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનું ૯મીએ સ્નેહ સંમેલન

મોડાસા, તા. ૬

મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનું ૩૨મું સ્નેહ સંમેલન આગામી તારીખ ૯ ડિસેમ્બર રવિવારના રોજ ભાવસાર સમાજ સંચાલિત ઓધારી માતાજી મંદિરના સાનિધ્યમાં યોજાશે. આ સંમેલનમાં સમાજમાંથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને પુરસ્કાર આપી બહુમાન કરવામાં આવશે તેમજ સમાજના વિશિષ્ટ વ્યક્તિઓ સારા હોદ્દા પર હોય તેમને સન્માનિત કરાશે. આ સ્નેહ સંમેલનમાં સમાજની પાખો જેવીકે કે ઓધારી માતાજી મંદિર ભાવસાર યુવક મંડળ મોડાસા પ્રદેશ ભાવસાર મહિલા મંડળ મોડાસા કેળવણી મંડળ તેમજ તેમજ શ્રી હિંગળાજ ભાવસાર મહિલા મંડળ તથા શ્રી હિંગળાજ ક્રેડિટ કો-ઓપ અને ગ્રાહક ધિરાણ મંડળી દ્વારા વર્ષ દરમિયાનની કામગીરી અંગેનો અહેવાલ રજૂ કરાશે. આ સ્નેહ સંમેલનમા રાત્રે મહા પ્રસાદ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં મોડાસા તથા અંતરિયાળ વિસ્તારોમાંથી સમાજના લોકો ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ હર્ષદભાઈ કેશવલાલ ભાવસાર અને મંત્રી પ્રકાશ ઈશ્વરલાલ ભાવસાર સારી એવી જહેમત ઉઠાવી રહયા છે.

# મોડાસા એપીએમસી શાક માર્કેટનો ગેટ નહીં ખોલાતાં ગ્રાહકોને ભારે હાલાકી

મોડાસા, તા. ૬

મોડાસા એપીએમસી શાક માર્કેટમાં અવરજવર માટેનો



બનાવવામાં આવેલો ગેટ ખોલવામા ન આવતા વ્યપારીઓ અને ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

મોડાસા નગરમાં એપીએમસી માર્કેટમાં આવેલા શાકમાર્કેટમાંથી મુખ્ય માર્કેટમાં અવરજવર માટે તાજેતરમાં લોખંડનો ગેટ બનાવવામાં આવ્યો છે જે સારી વાત છે પણ આ ગેટ બનાવ્યો ત્યારથી શાક માર્કેટના વેપારીઓ અને ગ્રાહકો માટે ખોલવામાં આવ્યો નથી જેના કારણે શાકમાર્કેટમાં જવા માટે વેપારીઓ અને ગ્રાહકોને એકાદ કિલોમીટર અંતર કાપી બીજા માર્ગે જવાય છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને શાકભાજીના લે વેચ માટે લોકોને ચાલીને જવામાં ભારે અગવડ વેઠવી પડતી હોય છે. જેથી વેપારીઓ અને ગ્રાહકો હેરાન થવા પામેલ છે.

શાક માર્કેટના અગ્રણી વેપારી આરીફભાઈ કાજીના જણાવ્યાનુસાર આ બંધ ગેટના કારણે અમારે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો વધવા પામ્યો છે જેની અસર અમારા ધંધા પર પડેલ છે આ સિવાય આટલા મોટા શાકમાર્કેટમાં વેપારીઓ તથા ગ્રાહકો માટે જાહેર શૌચાલય તેમજ પીવાના પાણીની સગવડ નથી લોકો હેરાન પરેશાન થાય છે આ બાબત ધ્યાનમાં લેવાય તેમ શાકમાર્કેટના વેપારીઓ તથા ગ્રાહકોની માંગણી છે.

# ડીસામાં ઈનોવા ગાડીના કાચ તોડી બેગની ઉઠાંતરી

ડીસા, તા. ૬

ડીસા શહેરમાં ચોરી લૂંટફાટ તફડંચીની ઘટનાઓ દિન પ્રીતિદિન વધી રહી છે હજુ ગત રોજ ગવાડીમાંથી બે આઈસર ગાડીની ઉઠાંતરીની તપાસ થઈ નથી ત્યારે ધોળા દિવસે રાજદીપ જ્વેલર્સની નીચે ઉભી રાખીને ટાયર પંચર કરવા આપીને પરત ફરતા કોઈ ગઠયો ઈનોવા ગાડીના કાચ તોડી ગાડીમાંથી પૈસા ભરેલ પાકીટ તથા જરૂરી ડોક્યુમેન્ટની ઉઠાંતરી કરી ફરાર થઈ જતા શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ ડીસા રાજપુર બડાપુરામાં રહેતા વેપારી સત્તારભાઈ અબ્દુલ્લાભાઈ સોલંકી પોતાની ઈનોવા ગાડી નં. જીજે.૨.૧૮૩૯નું ટાયર નવું લેવા મેઘદૂતમાંથી લઈને આગળ બદલાઈને જઈ રહ્યા હતા ત્યારે બીજુ ટાયર પંચર બનાવવા આપીને તુરંત પરત ફરતા ગાડીનો કાચ તૂટેલ હતો અને તેમાંથી પાકીટ ન જણાતા મેં ઉત્તર પોલીસ મથકે જાણ કરતા પોલીસે સીસીટીવી કેમેરાની



મદદથી તપાસ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે ડીસા તથા ગવાડીમાં બે દિવસમાં બે ઘટના બનતા ડીસા શહેરીજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ડીસાના હાર્દસમાં વિસ્તારમાં બપોરે ૧૨ વાગે ઘટના બની છતાં પોલીસે હજુ સુધી ગઠિયાને પકડી શકી નથી. પાકીટમાં ૯૦૦૦ હજાર રૂપિયા રોકડ તથા બેન્કના જરૂરી દસ્તાવેજો તથા પરિવારના આધાર કાર્ડ તથા પાનકાર્ડ સહિતની વસ્તુઓની ગઠિયો ધોળા દિવસે ઈનોવા ગાડીના કાચ તોડીને લઈને ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઉત્તર પોલીસે હાથ ધરી હતી.

### આઈઆઈટી ગુવાહટીના છાત્રો દ્વાર મોડાસામાં પ્રથમવાર ટેક્નોથલોન

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં મુખ્ય મથક મોડાસા ખાતે શાળાકક્ષાએ આઈઆઈટીનો અનુભવ લેવા માંગતા છાત્રો માટે ઉત્તમ તક પ્રાપ્ત થઈ રહી છે. આઈઆઈટી ગુવાહટીના છાત્રો અંગે આયોજન કરી રહ્યાં છે. જેના ફળસ્વરૂપે આ વખતે 'ટેક્નોથલોન-૨૦૧૯' પરીક્ષા મોડાસામાં યોજાઈ રહી છે.

આ પરીક્ષા બે વિભાગમાં થશે. પ્રથમ વિભાગ દેશભરમાં થશે. પ્રત્યેક સ્કૂલમાંથી બે-બે વિધાર્થીની ટીમ ભાગ લઈ શકશે. દરેક સ્કૂલમાંથી એક કરતાં પણ વધારે ટીમ ભાગ લઈ શકશે. જુનિયર લેવલમાં ૮-૯ ધોરણના અને સીનિયર લેવલમાં ૧૦-૧૧ ધોરણનાં વિધાર્થીઓ ભાગ લઈ શકશે. મેથ્સ સિવાય બાયોનાં વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે.

૧૫ ડિસેમ્બરથી રજીસ્ટ્રેશન શરૂ થશે. આ માટે સિટી કો-ઓર્ડિનેટર યુગ કંસારા (ર્. ૭૭૩૩૯૯૯૪૪૦, એપ્ષાદ્રહજદ્ગટ્ઠિજીપ્તદ્બટ્ઠૈઙ્મ.ષ્ઠદ્બ)નો સંપર્ક કરવા જણાવાયુ છે. પ્રત્યેક સ્કૂલમાંથી બે-બે વિધાર્થીઓની એક કરતાં વધારે ટીમ ભાગ લઈ શકશે.

# ડીસાના રોબસ ગામની પ્રાથમિક શાળાનાં શિક્ષિકાએ છેડતીની ફરિયાદ કરતાં આચાર્યની ધરપકડ

બનાસકાંઠાના ડીસા તાલુકાનાં રોબસ ગામની પ્રાથમિક શાળાના આચાર્ય સામે એ જ શાળાની શિક્ષિકાએ ગંભીર આક્ષેપો કરી પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આચાર્યની અટકાયત કરી છે.. જો કે આચાર્યએ તેમની સામે થયેલા આક્ષેપોને બેબુનિયાદ ઠેરવ્યા છે.બનાસકાંઠા જીલ્લામાં એકવાર ફરી શિક્ષણ જગતને બદનામ કરતી ઘટના સામે આવી છે. ડીસા તાલુકાના રોબસ ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઈશ્વરભાઈ ચૌધરી નામના આચાર્ય સામે એ જ શાળાની એક શિક્ષિકાએ માનસિક ત્રાસ આપવા ઉપરાંત શારીરિક છેડતી કરવાનો ગંભીર આક્ષેપ કરી શાળાના આચાર્ય ઈશ્વરભાઈ ચૌધરી વિરુધ્ધ ડીસા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આચાર્યની



અટકાયત કરી છે.. જો કે આચાર્યએ તેમની સામે થયેલા આક્ષેપોને બેબુનિયાદ ગણાવી પોતાનો બચાવ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે શિક્ષિકા દ્વારા કરાયેલા આ આક્ષેપો કેટલા સાચા અને કેટલા ખોટા છે તે તો પોલીસ તપાસમાં જ બહાર આવશે. પરંતુ અત્યારે તો આચાર્યની અટકાયત કરાતાં શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

### પોળો કેમ્પસાઈટ પર માર મારતા એક સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૬

વિજયનગર તાલુકાના પોળો કેમ્પસાઈટ પર એક માસ અગાઉ એક શખ્સે એક ઈસમના દિકરાને કારણ વગર માર મારી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી આ શખ્સ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે ચંદવાસા અને ખેરવાડા ગામના જીવાજી કોદરજી બોદરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ એકાદ માસ અગાઉ ગામના જ સંદિપભાઈ ઉર્ફે કંકેશભાઈ જીવાજી લટાએ કારણ વગર જીવાજી બોદરના પુત્ર રાકેશભાઈને ગડદાપાટુનો માર મારી લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી જીવાજી બોદરે સંદિપભાઈ લટા વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### હિંમતનગરની યુવતી ગુમ થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં રહેતી હિનાબેન મહેશસિંહ પરમાર ગત તા. ૫ ડિસેમ્બરના રોજ પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વિના જતી રહી હતી. જેની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેણીના પિતા મહેશસિંહ હિંમતસિંહ પરમારે બુધવારે હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં દિકરી ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી.

# ભિલોડાના વેપારીની લૂંટ-હત્યાના ચાર આરોપીઓના પાંચ દિનના રીમાન્ડ મંજુર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ૨૨ દિન પુર્વે સમી સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં વેપારીની લુંટ વીથ હત્યાના ચકચારી બનાવને અંજામ આપનાર હત્યારાઓને ગત રોજ પોલીસ ધ્વારા સમી સાંજે જાહેર કરાયા હતા.વેપારીની લુંટ વીથ હત્યાના ચકચારી બનાવને રેકી કરી અંજામ આપનાર ચાર હત્યારાઓના ૫ દિવસના રીમાન્ડ મેજીસ્ટ્રેટએ મંજુર કર્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડામાં હાથમતી નદીના બ્રીજ પાસે આવેલ અક્ષર કોમ્પલેક્ષમાં માં અંબે ટ્રેડીંગ નામની દુકાન ધરાવતા રાજેન્દ્રભાઈ હરકલાલ અગ્રવાલની હત્યાને અંજામ આપનાર ચાર લબરમુંછીયા નવયુવાનોને પોલીસએ અલગ અલગ ટીમો બનાવી ગણતરીના દિવસોમાં ઝડપી લીધા પરંતુ અન્ય સાગરીતો પલાયન હોવાનું જાણવા મળેલ છે.વેપારીને છાતીના ભાગે ગોળી મારી લુંટ ચલાવી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા.અંકુર ઉર્ફે કુકડો નામદેવ માવજીભાઈ ખડાએ વેપારી સાથે ઝપાઝપી કરી ફાયરીંગ કર્યુ હતું.વેપારીની દુકાન અને ઘરની રેકી કરી લુંટ અને હત્યાના બનાવને અંજામ આપનાર ચાર હત્યારાઓ ઝડપાયા છે.વેપારીની હત્યાના બનાવ સંદર્ભે ભેદ ઉકેલવા માટે પોલીસએ જુદી જુદી ટીમો બનાવી હત્યારાઓને ઝડપી લીધા પરંતુ અન્ય સાગરીતો ફરાર છે ત્યારે પોલીસએ વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે આ હત્યાના બનાવ સંદર્ભે અન્ય આરોપીઓને ઝડપવાના બાકી છે ત્યારે પોલીસ ધ્વારા ઝડપી લેવામાં આવશે તેવી સઘન કાર્યવાહી પોલીસ ધ્વારા હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા હત્યારાઓના ૫ દિનના રીમાન્ડ મંજુર કર્યા હતા.

(૧) અંકુર ઉર્ફે કુકડો નામદેવ માવજીભાઈ ખડા, રહેવાસી,વાંસળી-ચુનાખાણ,તા. ભિલોડા (૨) મેહુલ પ્રહલાદભાઈ વડેરા,રહેવાસી.વોરાવાવ,તા.ઈડર (૩) ગણેશ ઉર્ફે ગની નારણભાઈ પટેલ,રહેવાસી,ધોલવાણી,તા.ભિલોડા (૪) વિજય ઉર્ફે આર.વી. પુનજીભાઈ દેવજીભાઈ બજાત, રહે, કલ્યાણપુર, તા.ભિલોડા

જીલ્લા એલ.સી.બી. પો.સ.ઈ. કે.એસ.સિસોદીયાએ ચાર હત્યારાઓને ભિલોડાના મે. એડીશનલ ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટ જે.ડી.સોલંકી સમક્ષ હત્યારાઓને રીમાન્ડ મેળવવા માટે બપોરે રજુ કર્યા હતા પરંતુ મેજીસ્ટ્રેટએ ૫ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

# ડીસા જીઆઈડીસી વિસ્તારમાં ડુબ્લીકેટ ઘી-તેલની ફેકટરીઓ સામે તંત્રનું મૌન

ડીસા, તા. ૬

ડુપ્લીકેટ ગી-તેલમાં સમગ્ર ઉત્તર ગુજરાતનું એપીસેન્ટર ગણાતા ડીસા શહેરના જીઆઈડીસી વિસ્તારના ભેળસેળીયાઓ સામે જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. ત્યારે આ ડીસા શહેરના જીઆઈડીસી વિસ્તારમાં બનતુ ડુપ્લીકેટ ઘી-તેલ સમગ્ર રાજ્યમાં સપ્લાય થાય છે.

જવાબદાર તંત્ર દ્વારા આ ભેળસેળીયાઓ પાસેથી મોટી રકમની વસુલી કરી ભેળસેળ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યા છે. જેના કારણે ડીસાના ભેળસેળીયાઓ પર ભાગ્યેજ રેડ પાડવામાં આવે છે. તંત્રએ તાજેતરમાં ધાનેરા ખાતે ડુપ્લીકેટ ઘી-તેલ પકડી પાડ્યુ છે. ત્યારે જ્યાંથી આ માલ સપ્લાય થાય છે તે ડીસા શહેરના જીઆઈડીસી વિસ્તારમાં કાર્યરત મિલોમાં તપાસ કરવામાં અધિકારીઓને કેમ શરમ આવે છે. પોતાના સ્વાર્થ માટે લોકોના આરોગ્ય સાથે ખેલ ખેલી રહેલા ભેળસેળીયાઓએ તંત્ર દ્વારા આવી કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરીકોમાં માંગ ઉઠવા પામી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧